**Rakhewal**

**Edition:** Mehsana | **Date:** January 03, 2011 | **Page No:** 04 | **Category:** Krishna Heart Institu

# ન્યુ યોર્ક સ્થિત એનઆરઆઈ કાર્ડિઓલોજીસ્ટ ડૉ. અતુલ ચોકસી દ્વારા અમદાવાદમાં વસીને સમગ્ર જીવન માનવજાત માટે સમર્પિત કરવાનો નિર્ણય



અમદાવાદ

ક્રિશ્ના હાર્ટ ઈન્સ્ટીટયુટના સ્થાપક અને અધ્યક્ષ ડૉ. અતુલ ચોકસીએ અમેરિકામાં ન્યુયોર્ક ખાતે ૩૫ વર્ષની સફળ તથા અત્યંત સફળ તેમજ સન્માનનીય કાર્ડિઓલોજીસ્ટ તરીકેની કારકિર્દી પછી હવે આજે અમદાવાદમાં વસવાના નિર્ણયની જાહેરાત કરતાં લોકોને ભારે નવાઈ ઉપજી હતી. આ એક અસામાન્ય લાગે તેવી વાત છે પણ ડૉ. ચોકસીનો એવી જૂજ વ્યક્તિઓમાં સમાવેશ થાય છે કે જે પોતાના વ્યક્તિગત હિત કરતાં સમાજના હિતને વિશેષ મહત્વ આપે છે. ડૉ. ચોકસીનું ધ્યેય જેમને સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સનાં બીલ ચૂકવવાનું પોસાય તેમ નથી તેવા હૃદય રોગના દર્દીઓની સારવાર કરવાનો છે. ડૉ. ચોકસી પ્રસિધ્ધિ કાર્ડિઓલોજીસ્ટ હોવા ઉપરાંત ભગવદ્‌ગીતાના અભ્યાસુ છે. અમદાવાદમાં તબીબી અભ્યાસ પૂર્ણ

કર્યા પછી તુરત જ બ્રિટન ગયેલા ડૉ. ચોકસી કારકિર્દીમાં સતત પ્રગતિ કરતા રહયા અને એ પછી ન્યુ યોર્ક પહોંચ્યા અને ન્યુયોર્ક શહેરના અત્યંત પ્રસિધ્ધ કાર્ડિયોલોજીસ્ટ બન્યા. તેમણે ૧૯૭૭માં અમદાવાદમાં ક્રિશ્ના હાર્ટ ઈન્સ્ટીટ્યુટનો પાયો નાખ્યો. આ પ્રોજેકટ સફળ બને તે હેતુથી તેમણે તેમની અને તેમના પત્નીની એક કરોડ ડોલરની બચત આ પ્રોજેકટ પાછળ વાપરી હતી. તેમની એક માત્ર ઈચ્છા રહી છે કે જેમને સારવાર પોસાતી નથી તેવા મહત્તમ દર્દીઓને

આ હોસ્પિટલનો લાભ મળવો જોઈએ. કહેવત છે કે જેમનો ઈરાદો નેક છે તેમને પ્રભુ હંમેશાં તેના કામમાં મદદ કરે છે. આજે ક્રિશ્ના હોસ્પિટલની શાખાઓ ધુમા-બોપલ ઉપરાંત, પરિમલ ગાર્ડન, બાપુનગર, તથા મણીનગર વિસ્તારમાં હાજરી ધરાવે છે. આજે તેમણે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે આરોગ્યની સંભાળમાં ભગવદ્‌ગીતા અંગે પ્રવચન આપ્યું હતું. તેમના ધ્યેયને સાકાર કરવા તેમણે નીચે મુજબનાં દરેક પ્રકારનાં ૧૦૦ ઓપરેશન કરવાની જાહેરાત કરી છે.

એન્જીયોગ્રાફી: રૂ.૫,૦૦૦/- એન્જીયાં પ્લાસ્ટી: રૂ.૬૫,૦૦૦માં, એક બીએમએસ સ્ટેન્ટ સહિત બાયપાસ સર્જરી: રૂ.૭૫,૦૦૦ માં જરૂરિયાત ધરાવતા તમામ દર્દીઓએ અગાઉથી સમય લેવા માટે ૯૮૨૫૦ ૨૨૧૧૯ ૯૮૨૫૦ ૬૫૧૦૧ ઉપર સંપર્ક કરી શકે છે. આજકાલ સમાજ સેવા માટે આટલી નિષ્ઠા દાખવનારા લોકો આવા લોકો ભાગ્યે જ જોવા મળે છે. ડૉ. ચોકસીનું સમગ્ર જીવન સમાજના ઉત્કર્ષ માટે કંઈક કરી છૂટવાની ભાવના ધરાવતા વ્યક્તિ માટે તથા માતૃભૂમિને કશુંક પરત કરવા ઈચ્છતા લોકો માટે પ્રેરણારૂપ છે.